# ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની 'મલ્ટી-સ્પેશ્યાલીટી' ગોએન્કા હોસ્પિટલ ખુલ્લી મુકાઇ

અમદાવાદ,
બીઈએસ તરીકે પ્રચલિત ભોલારામ એજ્યુકેશનલ સોસાયટીની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી, જેમાં સામાન્ય લોકોને પોસાય તેવી કિમતે સારવાર આપવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તેણે આજે તેની મલ્ટી સ્પેશ્યાલીટી ગોએન્કા હોસ્પિટલના ઉદ્દઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ હોસ્પિટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોને તબીબી સુવિધાઓ પુરી પાડશે.

આ 100 પથારીની અલ્ટ્રા મોર્ડન હોસ્પિટલમાં 'હિલિંગ લાઈવ્ઝ' સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબીબી સુવિધા જ નહી પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ તેમના ચહેરાઓ પર સ્મિત લાવશે. આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર ૨ ડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝડ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમકે ઉચ્ચ રક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે.

ગોએન્કા હોસ્પીટલના અધ્યક્ષ શ્રી અપૂર્વ ગોએન્કા અને ગોએન્કા હોસ્પીટલના ડીએમએસ ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'હવે ગાંધીનગરના લોકો અને તેની આસપાસના ગામોના લોકોએ કોઈપણ સ્વાસ્થ્ય સમસ્યા માટે અમદાવાદ દોડવું નહીં પડે. ગોએન્કા હોસ્પીટલ એ એક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ છે. અને તેમાં કોઈપણ પ્રકારની સર્જરી અમદાવાદની હોસ્પિટલો કરતા ઓછા દરે થઈ શકે છે. તેના કારણે દદીઓ અને તેમના પરિવાજનો પર આર્થિક ભારણ ઘટશે અને તેમના ચહેરા પર સ્મિત જોવા મળશે.

ગોએન્કા હોસ્પિટલના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર શ્રી એન.કુમારસ્વામીએ કહ્યું હતું કે, 'અમારુ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝ્યુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. તેનો સ્ટાફ તાલિમબધ્ધ અને ઉપકરણોથી સજ્જ રહીને કોઈપણ મેડીકલ ઈમર્જન્સી માટે તૈયાર રહે છે. ઓપરેશન થિયેટર પણ વોર્ડની અંદર બનાવાયેલ છે જેથી તાત્કાલિક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી. સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યલન્સની પણ સુવિધા છે.